IPL મીની ઓક્શન: ગ્રીન, વેંકટેશ અને લિવિંગસ્ટોન પર રહેશે નજર

10 ટીમો રૂ. 237 કરોડની રકમ સાથે 77 ખેલાડીઓને ખરીદવા સ્પર્ધા કરશે

સૌથી વધુ પૈસા કોલકાતા નાઈટ રાઈડર્સ પાસે રૂ. 64 કરોડ જ્યારે સૌથી ઓછા મુંબઈ ઈન્ડિયન્સ પાસે રૂ. 2.75 કરોડ

અનકેપ્ડ ભારતીયોમાં પ્રશાંત વીર અને મુકુલ ચૌધરી બોલી લગાવનારાઓને આકર્ષિત કરશે

પૃથ્વી શો અને સરફરાઝ ખાન પણ બેઝ પ્રાઈસ પર વેચાઈ શકે

અબુ ધાબી, તા. 15 (પીટીઆઈ): કોઈ પણ વિશ્વસ્તરીય ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર ઉપલબ્ધ ન હોવાથી, મંગળવારે અહીં યોજાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગની (IPL) મીની-ઓક્શનમાં કેમેરોન ગ્રીન લાભની સ્થિતિમાં હોઈ શકે છે, કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ જેવી ટીમો ઓસ્ટ્રેલિયન ક્રિકેટર માટે ભારે બોલી લગાવે તેવી શક્યતા છે.

દસ ટીમો 77 ખેલાડીઓ ખરીદવા માટે સ્પર્ધા કરશે, અને તમામ ટીમ પાસે મળીને કુલ રૂ. 237.55 કરોડની રકમ છે. જોકે, મુંબઈ ઈન્ડિયન્સનો હરાજીમાં બહુ ઓછો હિસ્સો રહેશે, કારણ કે તેની પાસે ફક્ત રૂ. 2.75 કરોડ ઉપલબ્ધ છે અને તેઓ કેટલાક અનકેપ્ડ ખેલાડીઓને (જેઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યા નથી) તેમના બેઝ પ્રાઈસ પર ખરીદી શકશે.

કેમરોન ગ્રીન, ભારતીય ક્રિકેટર વેંકટેશ ઐયર, જે હાલમાં ટીમની બહાર છે, અને ઈંગ્લેન્ડના આક્રમક બેટ્સમેન લિયામ લિવિંગસ્ટોન પર મોટી બોલી લાગી શકે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ પાસે સૌથી વધુ રૂ. 64.30 કરોડ ઉપલબ્ધ છે અને તેઓ તેમની ટીમના પુનર્નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ટીમે 13 ખેલાડીઓ ખરીદવાના છે અને હરાજીમાં, તેને સુપર કિંગ્સ તરફથી મુખ્ય પડકારનો સામનો કરવો પડે તેવી અપેક્ષા છે, જેની પાસે 43.40 કરોડ રૂપિયા છે. ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડરો પર હંમેશા ઊંચી બોલી લાગે છે. આ કારણથી ગ્રીન, વેંકટેશ ઐયર અને વેસ્ટઈન્ડિઝના ઓલરાઉન્ડર જેસન હોલ્ડર એવા ખેલાડીઓમાં સામેલ છે જેમની બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ છે. નાઈટ રાઈડર્સે ઐયર અને આન્દ્રે રસેલને રિલીઝ કર્યા છે એટલે નાઈટ રાઈડર્સને બે સારા ટોપ-ઓર્ડર બેટ્સમેન અને એક ઓલરાઉન્ડરની જરૂર છે. ઈંગ્લેન્ડના સ્ટાર સ્પિન બોલર લિવિંગસ્ટોન અને દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડી કોક, જે સ્પિન બોલિંગ પણ કરે છે, તે પણ રૂ. 9 કરોડના આંકડે પહોંચી શકે છે. ડી કોકે વારંવાર બતાવ્યું છે કે તે બેટથી મેચ વિજેતા છે અને વિકેટકીપર તરીકે પણ ખૂબ વિશ્વસનીય છે. અનકેપ્ડ ભારતીયોમાં પ્રશાંત વીર અને મુકુલ ચૌધરી બોલી લગાવનારાઓને આકર્ષિત કરશે, જ્યારે પૃથ્વી શો અને સરફરાઝ ખાન પણ રૂ. 75 લાખની તેમની ઓછી બેઝ પ્રાઈસ પર ખરીદદાર શોધવાની આશા રાખશે.

કેમરન ગ્રીન સૌથી મોંઘો વિદેશી ખેલાડી બની શકે

ઓસ્ટ્રેલિયાના કેમરોન ગ્રીને IPLમાં પ્રભાવિત કર્યા છે, 29 મેચોમાં 704 રન બનાવ્યા છે અને 16 વિકેટ લીધી છે. એવી ચર્ચા છે કે ગ્રીન IPL હરાજીમાં સૌથી મોંઘા વિદેશી ખેલાડીઓની યાદીમાં તેના દેશબંધુ મિશેલ સ્ટાર્કને (રૂ. 24.75 કરોડ) પાછળ છોડી શકે છે.

વેંકટેશ ઐયર પર કેટલી બોલી લાગશે તે જોવું રસપ્રદ

વેંકટેશ ઐયરના કિસ્સામાં, એ જોવું રસપ્રદ રહેશે કે તેની બોલી રૂ.10 કરોડથી વધુ જાય છે કે નહીં, જે તેની કુશળતા અને ક્ષમતાને ધ્યાનમાં રાખીને યોગ્ય છે. મીની-ઓક્શનમાં રાઇટ ટુ મેચ (RTM) કાર્ડનો ઉપયોગ કરવાનો કોઈ વિકલ્પ નથી, તેથી જો નાઈટ રાઇડર્સ વેંકટેશને જાળવી રાખવા માગતા હોય તો તેમને કેટલાક સ્માર્ટ નિર્ણયો લેવા પડશે.

જેસન હોલ્ડર પણ ટીમોને આકર્ષિત કરશે

ત્રીજો ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર વેસ્ટઈન્ડિઝનો જેસન હોલ્ડર આક્રમક બેટિંગ ઉપરાંત અસરકારક બોલિંગ કરવામાં સક્ષમ છે, અને જ્યારે વિકલ્પો મર્યાદિત છે ટીમો તેના માટે ભારે બોલી લગાવી શકે છે.

મેસીએ દિલ્હીમાં તેના ચાહકોને મંત્રમુગ્ધ કર્યા

મેસીના ભારત પ્રવાસનું દિલ્હીમાં શાનદાર સમાપન

મેસીએ કોટલા સ્ટેડિયમમાં દર્શકોનું અભિવાદન કરતા એક ચક્કર લગાવ્યું અને સાત-સાત ખેલાડીઓ વચ્ચેની મેચ જોઈ

મેસી વનતારા જશે જ્યાં અંબાણી પરિવાર તેની યજમાની કરશે

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): લિયોનેલ મેસીનો બહુપ્રતિક્ષિત 'G.O.A.T. ઈન્ડિયા ટુર'ની શરૂઆત ભલે અસ્તવ્યસ્ત થઈ હોય, પરંતુ દિલ્હીમાં તેનો અંત ધમાકેદાર રહ્યો, જ્યાં ચાહકો તેમના મનપસંદ ખેલાડીને જોઈને ખુશ થયા.

ચાહકો ખેલાડીની અસાધારણ પ્રતિભા, નમ્રતા અને છેલ્લા બે દાયકામાં તેણે એકલા હાથે રમત પર જે અસર કરી છે તેનાથી અભિભૂત થયા હતા. સ્પેનિશમાં સંક્ષિપ્ત સંબોધનમાં, મેસીએ કહ્યું, 'ગ્રાસિયસ દિલ્હી! હસ્તા પ્રોન્ટો (આભાર દિલ્હી, ટૂંક સમયમાં મળીશું).'

સ્ટેડિયમ પહોંચ્યા પછી, મેસીએ મેદાનમાં એક ચક્કર લગાવ્યો અને સાત-સાત ખેલાડીઓ વચ્ચેની મેચ જોઈ. સ્ટેડિયમમાં મોટાભાગના દર્શકો આર્જેન્ટિનાની પ્રખ્યાત વાદળી અને સફેદ જર્સી (નંબર 10) પહેરીને આવ્યા હતા અને સતત 'મેસી, મેસી'ના નારા લગાવી રહ્યા હતા.

મેસીએ ટોળા તરફ હાથ હલાવ્યો અને સ્મિત કર્યું. મેસી તેના ઈન્ટર મિયામી સાથી ખેલાડીઓ, લુઈસ સુઆરેઝ અને રોડ્રિગો ડી પોલ સાથે સ્ટેન્ડમાં બોલ કીક કરતો જોવા મળ્યો. આ સ્થળ પર લગભગ 25,000 લોકો હાજર હતા. મેસીએ મિનર્વા એકેડેમી ફૂટબોલ ટીમનું પણ સન્માન કર્યું.

30 મિનિટના આ કાર્યક્રમના અંતે, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ICC પ્રમુખ જય શાહ અને ભારતીય ફૂટબોલ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન બાઈચુંગ ભૂટિયાએ મેસી સાથે મુલાકાત કરી હતી. દિલ્હીની મુલાકાત લીધા પછી, મેસી જામનગરના વનતારા જવાનો હતો, જ્યાં તે એક રાત રોકાશે. મેસી અને તેના ઈન્ટર મિયામી સાથી ખેલાડીઓ સુઆરેઝ અને ડી પોલનું વનતારાના સ્થાપક અનંત અંબાણી અને તેમના પરિવાર દ્વારા યજમાની કરવામાં આવશે.

મેસી સાથે વિશેષ મુલાકાત માટે રૂ. 1 કરોડ

મેસ્સી અને તેના સાથીઓ નવી દિલ્હીના ચાણક્યપુરી ખાતે આવેલા 'ધ લીલા પેલેસમાં રોકાયા હતાં, જ્યાં એક આખો ફ્લોર ફક્ત તેમના માટે અનામત રાખવામાં આવ્યો હતો. તેમના દરેક સ્યુટની કિંમત પ્રતિ રાત્રિ રૂ. 3.5 લાખથી રૂ. 7 લાખની વચ્ચે છે. ખાસ કોર્પોરેટ અને વીઆઈપી મહેમાનો માટે હોટેલમાં બંધ દરવાજા પાછળ 'મુલાકાત'નું આયોજન કરવામાં આવ્યું છે. એક અહેવાલ મુજબ આ વિશિષ્ટ મુલાકાત ખૂબ જ ખર્ચાળ છે, કેટલાક કોર્પોરેટ્સે ફૂટબોલ આઇકોનને મળવા માટે રૂ. 1 કરોડ સુધી ખર્ચ કર્યા હતા.

જય શાહે મેસીને ટી-20 વર્લ્ડકપની ટિકિટ આપી

મેસી પોતાના સાથી ખેલાડીઓ સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના (ICC) અધ્યક્ષ જય શાહને મળ્યો હતો, જેમણે આ દિગ્ગજ ફૂટબોલરને આવતા વર્ષે ભારતમાં યોજાનાર T20 વર્લ્ડ કપ માટે આમંત્રણ આપ્યું અને તેને ટિકિટ પણ આપી હતી. જય શાહે મેસીને ભારતીય ટીમની 10 નંબરની જર્સી, સુઆરેજને 9 નંબરની જ્યારે ડી પોલને 7 નંબરની જર્સી ભેટ આપી હતી.

પ્રદૂષણ માટે દિલ્હીનાં મુખ્યમંત્રીનો હુરિયો બોલાવાયો

પ્રદૂષણના ભયજનક સ્તર વચ્ચે, દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા સોમવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં મેસીનું સ્વાગત કરવા માટે સ્ટેજ પર પહોંચ્યા ત્યારે ભીડના એક વર્ગ દ્વારા 'એક્યુઆઈ', 'એક્યુઆઈ'ના નારા સાથે તેમનો હુરિયો બોલાવવામાં આવ્યો હતો. આ બનાવનો એક વીડિયો વાયરલ થયો હતો.

ધુમ્મસના કારણે મેસી દિલ્હી મોડો પહોંચ્યો

ખરાબ હવામાનને કારણે મુંબઈથી મેસીની ફ્લાઇટ મોડી પડી હતી. મેસી સોમવાર સવાર સુધી મુંબઈમાં હતો અને સવારે 10:45 વાગ્યે દિલ્હી પહોંચવાનો હતો, પરંતુ ધુમ્મસને કારણે તેની ચાર્ટર્ડ ફ્લાઇટ મોડી પડી હતી. દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બપોરે 2:30 વાગ્યે પહોંચ્યા પછી, તે સીધો લીલા પેલેસ હોટેલ ગયા, જ્યાં તેણે ખાસ લોકો સાથે મુલાકાત કરી.

મેસીએ કહ્યું હું પાછો આવીશ

મેસીએ પોતાના સંબોધનમાં કહ્યું, 'આ દિવસોમાં તમે ભારતમાં અમારા પર જે પ્રેમ વરસાવ્યો છે તે બદલ મારા હૃદયના ઊંડાણથી આભાર. આ અનુભવ અમારા માટે ખરેખર ખાસ રહ્યો છે. આટલો બધો પ્રેમ મેળવવો અદ્ભુત હતો. અમે ચોક્કસપણે કોઈ દિવસ પાછા આવીશું, કદાચ મેચ રમવા માટે અથવા કોઈ અન્ય પ્રસંગ માટે, પરંતુ એક વાત ચોક્કસ છે અમે ફરીથી ભારત આવીશું. ખૂબ ખૂબ આભાર.'

વિજય હઝારેમાં ઓછામાં ઓછી બે મેચ રમવી ફરજિયાત

માત્ર રોહિત-કોહલી જ નહીં ભારતીય ટીમના તમામ ખેલાડીઓ માટે બીસીસીઆઈનો નિર્દેશ

બીસીસીઆઈએ ખેલાડીઓને સ્પષ્ટ કર્યું હઝારેમાં રમવાનું વૈકલ્પિક નથી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): BCCIએ 24 ડિસેમ્બરથી શરૂ થનારી વિજય હજારે ટ્રોફીમાં વર્તમાન ભારતીય ટીમના ખેલાડીઓ માટે ઓછામાં ઓછી બે વનડે રમવાનું ફરજિયાત બનાવ્યું છે. દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી ટી20 (19 ડિસેમ્બર) અને ન્યુઝીલેન્ડ સામેની પહેલી વનડે (11 જાન્યુઆરી, 2026) વચ્ચે ત્રણ અઠવાડિયાથી વધુનો અંતર છે, અને બોર્ડ ઇચ્છે છે કે બધા સિનિયર ખેલાડીઓ ઘરેલુ ક્રિકેટ રમે. અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ બધાને આ સૂચના આપી છે. વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટુર્નામેન્ટ માટે તેમની ઉપલબ્ધતાની જાહેરાત કરી દીધી છે. વરિષ્ઠ ખેલાડીઓ શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, કે એલ રાહુલ, હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવને તેમની સંબંધિત ટીમો માટે ઓછામાં ઓછી બે મેચ રમવા માટે કહેવામાં આવી શકે છે.

'મુલ્લાનપુરમાં બીજી ટી-20 બાદ ખેલાડીઓને સ્પષ્ટપણે જણાવી દેવાયું હતું કે હઝારેમાં રમવાનું વૈકલ્પિક નથી', એમ બીસીસીઆઈના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

શેફાલી વર્માને ICC પ્લેયર ઓફ ધ મન્થ પુરસ્કાર અપાયો

મહિલા વર્લ્ડકપની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન બદલ શેફાલીને આ સન્માન અપાયું

દુબઈ, તા. 15 (પીટીઆઈ): ગયા મહિને મહિલા વર્લ્ડકપ ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે બેટથી શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય ઓપનર શેફાલી વર્માને નવેમ્બર માટે ICC પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

પ્રતિકા રાવલ ઈજાગ્રસ્ત થયા બાદ શેફાલીને સેમિફાઈનલ માટે ટીમમાં સામેલ થવા બોલાવવામાં આવી હતી, તે સમયે તે સુરતમાં હરિયાણા વતી ઘરેલુ ક્રિકેટ મેચ રમી રહી હતી. શેફાલીએ દક્ષિણ આફ્રિકા સામે ફાઈનલમાં 78 બોલમાં 87 રન બનાવ્યા હતા. મહિલા વર્લ્ડકપ ફાઈનલમાં આ ભારતીય ઓપનર દ્વારા બનાવવામાં આવેલો સૌથી વધુ સ્કોર છે. તેની શાનદાર બેટિંગથી ભારત ફાઈનલમાં સાત વિકેટે 298 રન સુધી પહોંચવામાં મદદ કરી. ત્યારબાદ ટીમે 52 રનથી મેચ જીતીને પ્રથમ વખત વર્લ્ડકપ ચેમ્પિયનનું ટાઈટલ જીત્યું.

દ. આફ્રિકાના સાઈમન હાર્મરને પુરુષ વર્ગમાં પુરસ્કાર મળ્યો

દક્ષિણ આફ્રિકાના સ્પિનર સિમોન હાર્મરને ભારત સામેની ટેસ્ટ સિરીઝમાં ઉત્કૃષ્ટ બોલિંગ પ્રદર્શન બદલ પુરુષ વર્ગનો પુરસ્કાર મળ્યો. હાર્મરના શાનદાર પ્રદર્શનથી દક્ષિણ આફ્રિકાએ 25 વર્ષમાં પહેલી વાર ભારતમાં ટેસ્ટ શ્રેણી જીતી હતી. 36 વર્ષીય સ્પિનરે બે મેચની સિરીઝમાં 17 વિકેટ લીધી, જેનાથી તેની ટીમ સિરીઝ 2-0થી ક્લીન સ્વીપ કરી શકી.

અક્ષર દ. આફ્રિકા સામેની બાકીની બે ટી-20માંથી બહાર થયો

બીમારીના કારણે અક્ષર નહીં રમે, તેની જગ્યાએ સ્પિન ઓલરાઉન્ડર શાહબાઝ અહેમદને ટીમમાં સ્થાન અપાયું

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલ બીમારી ના કારણે દક્ષિણ આફ્રિકા સામેની બાકીની બે T20 મેચોમાંથી બહાર થઈ ગયો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની (BCCI) પસંદગી સમિતિએ તેના સ્થાને શાહબાઝ અહેમદને ટીમમાં સ્થાન આપ્યું છે.

અક્ષર રવિવારે ધર્મશાલામાં રમાયેલી ત્રીજી T20 મેચ પણ ચૂકી ગયો હતો. 'જોકે, અક્ષર લખનૌમાં ટીમ સાથે છે, જ્યાં તેનું વધુ તબીબી મૂલ્યાંકન થશે. પુરુષોની પસંદગી સમિતિએ લખનૌ અને અમદાવાદમાં થનારી T20 મેચો માટે શાહબાઝ અહેમદનું નામ આપ્યું છે' એમ બીસીસીઆઈના સેક્રેટરી દવેજીત સૈકિયાએ જણાવ્યું. શાહબાઝે ભારત માટે બે T20 આંતરરાષ્ટ્રીય અને ત્રણ વનડે રમી છે, જેમાં તેણે કુલ પાંચ વિકેટ લીધી છે. આ સિઝનમાં રણજી ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ તેણે ટીમમાં સ્થાન મેળવ્યું છે.

પાકિસ્તાન IPLની સાથે PSLનું આયોજન કરશે

પાકિસ્તાન સુપર લીગની 11મી સીઝન આવતા વર્ષે 26 માર્ચથી 3 મે સુધી રમાશે

IPL પણ માર્ચના છેલ્લા અઠવાડિયામાં શરૂ થશે

કરાચી, તા. 15: પાકિસ્તાન સુપર લીગની 11મી સીઝન આવતા વર્ષે 26 માર્ચથી 3 મે સુધી રમાશે અને આ સતત બીજી વખત ઈન્ડિયન પ્રીમિયર લીગ સાથે રમાશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન મોહસીન નકવીએ ન્યૂયોર્કમાં પીએસએલ રોડ શો દરમિયાન આ જાહેરાત કરી હતી. આઈપીએલ પણ માર્ચના છેલ્લા અઠવાડિયામાં શરૂ થશે અને મેના અંત સુધી ચાલશે.

નકવીએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન પાકિસ્તાન ટીમના કોઈપણ આંતરરાષ્ટ્રીય સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવશે. જોકે નિષ્ણાતોનું કહેવું છે કે આઈપીએલ સાથે પાકિસ્તાન સુપર લીગની સ્પર્ધા મોંઘી સાબિત થઈ શકે છે. આનું કારણ એ છે કે આઈપીએલ વિશ્વભરમાં જોવામાં આવે છે અને તેની ચર્ચા વિશ્વભરમાં થાય છે. જો આઈપીએલ અને પીએસએલ એક સાથે શરૂ થાય છે, તો પાકિસ્તાનને નુકસાન થઈ શકે છે, કારણ કે ઘણા લોકો આઈપીએલ જોવાનો આનંદ માણે છે. દુનિયાભરના ક્રિકેટરો IPL રમવા માટે આવે છે, જે લીગની લોકપ્રિયતામાં વધારો કરે છે.

એમબાપ્પેના ગોલની મદદથી રિયલ મેડ્રીડે અલાવેસને હરાવ્યું

ઈજામાંથી પરત આવ્યા બાદ એમબાપ્પેનું શાનદાર પ્રદર્શન

મેડ્રીડ, તા. 15 (એપી): રવિવારે ઈજામાંથી પાછા ફર્યા બાદ કેલિયન એમબાપ્પેએ ગોલ કર્યો, જેનાથી સ્પેનિશ લીગમાં રિયલ મેડ્રિડે અલાવેસ સામે 2-1થી જીત મેળવી હતી સાથે જ કોચ ઝાબી એલોન્સો પરનું દબાણ થોડું ઓછું થયું હતું.

રોડ્રિગોએ પણ ગોલ કર્યો હતો. મેડ્રિડ હવે બાર્સેલોનાથી ચાર પોઈન્ટ પાછળ છે, જેણે શનિવારે ઓસાસુનાને 2-0થી હરાવ્યું હતું.

મેડ્રિડે બધી સ્પર્ધાઓમાં તેની છેલ્લી આઠ રમતોમાંથી ફક્ત બે જ જીતી હતી. બુધવારે નાની ઈજાને કારણે મેડ્રિડની સિટી સામેની મેચ ગુમાવનાર એમબાપ્પેએ ડાબી બાજુએ સારી દોડ લગાવીને, 24મી મિનિટે એરિયાની અંદરથી ટોચના ખૂણામાંથી કીક મારી બધી સ્પર્ધાઓમાં મેડ્રિડ માટે સિઝનનો પોતાનો 26મો ગોલ કર્યો હતો.

સુડોકુ ૬૩૯૭ - 'કૃતિ'

૩	૫							૧
	૮	૭	૩		૧		૪	૬
૧	૬		૮	૨	૫			
૬			૧		૭			૯
	૧						૨	૩
			૪		૨			
૮			૨		૯			
					૩	૮	૧	૪
૭	૪		૫					૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૩	૭	૫	૮	૫	૬	૧
૧	૫	૭	૬	૬	૩	૨	૩	૫
૫	૮	૬	૩	૧	૬	૬	૭	૨
૭	૬	૬	૨	૬	૫	૫	૬	૬
૬	૩	૫	૬	૨	૫	૫	૩	૭
૩	૩	૬	૫	૭	૫	૧	૨	૬
૬	૨	૫	૫	૩	૬	૭	૨	૬
૫	૭	૨	૧	૬	૬	૩	૫	૬
૬	૭	૨	૧	૬	૩	૫	૬	૬

૭૨૬૬-૨૬૬૭ કીડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

બાળકને પેટમાં દુખવું

આદુનો રસ, તુલસીના પાંચ પાન વાટીને, મધ ભેળવી પાવું.

આજનું પંચાંગ

તા. 16/12/2025, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** માગશર :
તિથિ: વદ: બારસ: 23:58, અશ્વિની વ્રત સમાપ્ત
રાષ્ટ્રિય દિનાંક : 25
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર સ્વાતિ: 14:10
યોગ : અતિગંડ **કરણ:** કૌવલ
રાશિ: તુલા (ર,ત)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 07:10
સુરતમાં સૂર્યાસ્ત : 17:58 **નવકારસી :** 07:58
પારસી વર્ષ : 1395, અમદાદ માસનો 04થો રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ આખર માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): સમાજ અને કુટુંબજીવનમાં ઉત્સાહજનક કામ થાય. ઉમરલાયકના વિવાહ થઇ શકે. ઘરના કામ થાય.
વૃષભ (બ,વ,ઉ,): નોકર, ચાકરથી સાવધાન આરોગ્ય અને માતાને લગતા પ્રશ્નો સતાવે. હરીફો વધશે.
મિથુન (ક,છ,ઘ,): સંતાનોના અભ્યાસનાં કામમાં મિત્રોની મદદ મળે. જીવનસાથીની મદદ પરિવારનાં કામમાં મળે. આવક વધે.
કર્ક (ડ,હ,): બહારનાં કામ વધે. ઘરમાં અવરજવર વધે. વડીલોની ચિંતા સતાવે. નવી નોકરીની અચાનક તક મળે.
સિંહ (મ,ટ,): દલાલી માર્કેટીંગ, ટયુશન પ્રવાસ, ભાડા વગેરેમાં નવી તક મળે. આવક વધે. મિત્રોનો સાથ મળે.
કન્યા (પ,ઠ,ણ,): શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. મિત્રો સાથે નવી વધારાની આવક યોજના બને.
તુલા (ર,ત,): ક્રિએટીવ અને કાલ્પનિક વિચારોથી નવી તક મળે. નોકરીમાં પ્રગતિ કે જવાબદારી વધે.
વૃશ્ચિક (ન,ય,): મોજ-શોખ અને કોસ્મેટીકના વેપારમાં આવક વધે. સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું.
ધન (ભ,ધ,ફ,ઢ,): ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ સામાજિક કામ તથા સંતાનોનાં કામમાં મળે. પરિવારની ચિંતા સતાવે.
મકર (ખ,જ,): સ્ત્રીવર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. માતા-પિતા સાથે ઘર્ષણ થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): કાયદા કાનૂન લેખન, પ્રકાશન, ઉચ્ચ શિક્ષણ અને આયાત નિકાસના ધંધામાં લાભ થાય.
મીન (દ,ચ,ઝ,થ,): આરોગ્યના ખર્ચા વધે. સરકારી કામમાં મદદ મળે. વારસામાં પ્રગતિ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 16 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજીનું જ્ઞાન મળે. નવા ફેરફારથી કામનો બોજ અને જવાબદારી વધે. વધુ પડતો બોજ આરોગ્યના ખર્ચા અને માનસિક પીડા વધારે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉધરાણીની ચિંતા સતાવે વારસા, જાયદાદ, જમીન, કાયદા કાનૂન અને સામાજિક પ્રશ્નો બાબતે વિઘ્નો વધશે. હરીફો અને હિતશત્રુઓ પરેશાન કરે. ઉમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાન વગેરે કામમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામમાં મળે.આવક વધારવા માટે સંઘર્ષ કરવો પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈમાં ભાગ્યનો સાથ મળે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં કામનો બોજ વધશે. મન અશાંત રહે.

શબ્દગુંફન - ૭૧૨૧

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. પેઢીનામું, વૃક્ષાકૃતિ (૪)
૪. લોકસંખ્યા (૩)
૬. રાતા રંગનું એક કંદમૂળ (૩)
૮. લાંબી વાર્તાવાળું પુસ્તક (૫)
૧૧. અભિતાભ-અભિષેકની એક ફિલ્મ (૪)
૧૨. વીસ ઘા કાગળ (૨)
૧૩. કંકણ, કડું (૩)
૧૫. સેવક (૨)
૧૬. મનુષ્ય (૩)
૧૮. જમીન ખોદવાનું ઓજાર (૩)
૧૯. બીજું (૨)
૨૦. એક ખાટું ફળ (૩)
૨૨. પર્વત કે સરોવર પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૨૪. કેળવણી, શિક્ષણ (૩)
૨૭. નમેલું (૨)
૨૯. મરનારની મિલકતનો હકદાર (૫)
૩૨. પાંચમું પાતાળ (૪)
૩૩. પવન, વાયુ (૩)

ઊભી ચાવી
૧. પ્રણામ, નમસ્કાર (૩)
૨. એક જાતની માછલી (૩)
૩. એક દિવસની મજૂરી (૨)
૫. બધો વખત ટકી રહેનાર (૫)
૬. છંદબધ્ધ વાર્તા, કથા (૨)
૭. રીત, પધ્ધતિ (૩)
૯. લગ્ન કે અન્ય શુભ પ્રસંગે વપરાતી બળદગાડી કે રથ (૩)
૧૦. યુક્તિ, આફત (૨)
૧૨. ગુસ્સો, રોષ (૨)
૧૩. શિક્ષણ, તાલીમ, કેળવણી (૩)
૧૪. અનાથ બાળક (૩)
૧૫. છેડો, પાલવ (૩)
૧૬. માન્ય હોવું તે (૩)
૧૭. શક, શંકા (૩)
૨૧. કેડ, કટિ (૩)
૨૩. ગરીબ (૨)
૨૫. તાજી લીલી વનસ્પતિ (૪)
૨૬. યુધ્ધનું એક હથિયાર (૨)
૨૮. ઝટ, એકદમ (૩)
૨૯. રહેવું તે, દિવસ (૨)
૩૦. બધું (૨)
૩૧. સુંદર સ્ત્રી (૨)

વં	શ	વા	ળી		રો		વ	સ	તી
દ		હે		ગા	જ	ર		ર્વ	
ન	વ	લ	ક	થા		સ	ર	કા	ર
	હે		જા		રી	મ		લી	
વ	લ	ચ		દા	સ		મા	ન	વ
જૂં		તી	ક	મ		અ	ન્ય		હે
કો	ક	મ		ન	દી		તા	લી	મ
	મ		ગ		ન	ત		લો	
વા	ર	સ	દા	ર		ર	સા	તા	લ
સો		ર્વ		મા	રુ	ત		રી	

૧૨૧૭ - ૨૬૬૭ મ્ક્રૂંટ્રિગાર